| | | |
|---|---|---|
| वर्ष : ११ | सने : २०१८ | सं.२०७४ |
| अंक : २, | સળંગ અંક -૭૫ | દ્વિ.જેઠ जून |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૧ સને ૨૦૧૮ સં.૨૦૭૪
અંક : ૨ જૂન દ્વિ.જેઠ / સળંગ અંક-૭૪



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**
**અને**
**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,
જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (R) 26650626
(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ સમાધિસુવર્ણ પર્વ
★ હિતશિક્ષા
★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**तच्छ्रुतं यातु पातालं,**
**तच्चातुर्य विलीयताम् ।**
**ते विशन्तु गुणा वह्नौ,**
**येषु सत्स्वप्यधोगतिः ।।**

જેની વિદ્યમાનતા હોવા છતાં જો આત્મા દુર્ગતિમાં જતો હોય તો તેવું શ્રુત(જ્ઞાન) પાતાલમાં જાઓ, તેવી ચતુરાઈ નાશ પામો અને તેવા ગુણો અગ્નિમાં પ્રવેશ કરો. (આગમાં પડી રાખ થાઓ.)

આપત્તિઓનો નાશ નથી કર્યો, વૃદ્ધાવસ્થાને જર્જરિત નથી કરી. અને મૃત્યુને માર્યું નથી ..તો પછી આટલું અભિમાન કરતાં હે જીવ! શરમ નથી આવતી ?





**પિંડવાડામાં અંજન પ્રતિષ્ઠા-૨ :** બપોરે ત્રણ વાગતાં સંપ્રતિ સભામંડપ ચિકાર ભરાઈ ગયો હતો. એક કાષ્ટપાટ પર પૂજ્યપાદ આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા** પોતાના વિશાળ શિષ્ય-પ્રશિષ્ય મુનિવૃન્દ સાથે બિરાજમાન થયા હતા. જન-મેદની અણગણ હતી. દરબારની મધ્યમાં નવા રાજા શ્રી શાંતિનાથ, બાજુમાં માતા-પિતા, ઉપરાંત બે બાજુની પંગતમાં દિવાન, ખજાનચી, સેનાપતિ, અમલદારો, નગરશેઠ વગેરે શોભી રહ્યા હતા.

શરણાઈના શૂર વહેતા થયા અને તે સાથે જ રાજ્યાભિષેકની ક્રિયાનો શુભારંભ થયો. બે બાજુ સુન્દર સોફાઓ પર નવનિધિ અને ચૌદરત્નો ગોઠવાઈ ગયાં હતાં. અભિષેકની ક્રિયા પૂર્ણ થતાં સંગીતકાર બાંધવ-બેલડીએ સુંદર ગીત ઉપાડ્યું.

જોવા આવોને, જોવા આવોને, શાન્તિ દરબાર !
રાજ્યાભિષેક થાય, અધિકા ઉમંગથી,
તોય ન રાચે, કુમાર એના રંગથી.
મહાત્યાગી અવતાર.....

ગીત પૂર્ણ થતાં જ અમદાવાદથી આવેલા તોડાની પોળની પાઠશાળાના અધ્યાપક શ્રી ચંદ્રકાન્તભાઈએ નૃત્યનો આરંભ કર્યો. ગીતની સાથે સાથે એમણે નૃત્યને પણ સારું ખીલવ્યું.

ચંદ્રકાન્તભાઈનું નૃત્ય પૂર્ણ થયું ત્યાં તો રોહિડાનું મંડળ ચક્રવર્તી રાજરાજેશ્વરની સામે હાજર થયું એણે તો નાગીનનું નૃત્ય ચાલું કર્યું.... સર્પને ડોલાવવા માંડ્યો .....! એક બાલકને સર્પ ડંશ મારે છે. બીજો બાલક ગારુડી બનીને આવે છે... એવું તો એ નૃત્ય કરે છે કે બે ઘડી બધા સ્તબ્ધ થઈ ગયા.

ગારુડી બનીને આવેલા બાળકે પેલા છોકરાનું ઝેર ઉતાર્યું ને બંન્ને જણાએ જયપ્રકાશ ને રમેશકુમારે ફરીથી એ નૃત્યની રમઝટ મચાવી, સર્પને કરંડીઆમાં પૂરી દીધો. નાનકડા બાળકોનું આ મનમોહક નૃત્ય જોઈને સહુ આશ્ચર્ય - વિભોર બની ગયા.....

એટલામાં તો રોહિડાનો નાનો બાલ જયપ્રકાશ ભરચક ભરાયેલા રાજ્ય - દરબારની મધ્યમાં ઘૂંઘરનાં ઝણકાર કરતો આવી પહોંચ્યો. તેણે તો એક પછી એક થાળીઓ ગ્રહણ કરી, અને જ્યારે એક સાથે પાંચ થાળીઓ ચકર ફેરવવી શરૂ કરી

ત્યારે તો સભાએ તાલીઓના ગડગડાટ સાથે એ બાલકુમારને ઊંચકી લીધો. અને ચક્રવર્તી ભગવંતે તેને વિશિષ્ટ ઇનામથી નવાજ્યો.

રોહિડા મંડલના બીજા કાર્યક્રમો રાત્રે ભાવનામાં રજૂ કરવાની જાહેરાત થઈ... ત્યારબાદ અમદાવાદના આરાધક મંડળના એક સભ્ય રતિલાલ ઊભા થયા અને અષ્ટ પ્રકારી પૂજાનું નૃત્ય આરંભ્યું ! સભાને ખૂબ ગમ્યું ! સમય ઘણો જ થઈ ગયો હવાથી, અને લોકાંતિક દેવોની વિનંતિનો પ્રસંગ બાકી હોવાથી રાજદરબારને બરખાસ્ત કરવામાં આવ્યો.

ભગવાનનો જન્મ તો સમસ્ત વિશ્વના કલ્યાણને સાધી આપવા માટે જ થયો હતો ! યોગ્ય સમય આવી લાગતાં નવ લોકાંતિક દેવો પરમાત્માની સમક્ષ આવી ઊભા - ભગવાનને તેઓ શું કહે છે ? શા માટે કહે છે ? એ બધું તમને નીચેનું કાવ્ય જ કહેશે.

''જય જય જય જય નંદા !
બોલે મળી લોકાંતિક સુરવૃન્દા !
દેવોનો એ કલ્પ કે આવે, દીક્ષા અસર જાણી,
ઈષ્ટ, મિષ્ટ ને ભક્તિ ભરેલી; ઉચ્ચરે દેવો વાણી.
તીર્થસ્થાપના કરી જીવોના, ટાળો ભવના ફંદા....''

આ રીતે લોકાંતિક દેવો પરમાત્માને શિવમારગડે દીપ ધરવાને મંગલમય અભ્યર્થના કરીને વિદાય થતાં પરમાત્માએ પ્રવ્રજ્યા - ગ્રહણ માટે દૃઢ - નિર્ધાર કર્યો....!

આમ; આ રીતે આજનો કાયક્રમ સમાપ્ત થયો.

રાત્રે ભાવનામાં આજે ભારે ભીડ હતીં. રોહિડાના બાલ - મંડળે સામસામી થાળીઓ ઊંચી ઉછાળીને ફરતી અને ફરતી ઝીલી લેવાનો કાર્યક્રમ રજૂ કરી લોકોના મનમાં ખૂબ જ આદર ઊભો કરી દીધો બીજાં પણ નૃત્યો વગેરેથી સુંદર જમાવટ કરી.

**વૈશાખ સુદ પ્રથમ ત્રીજ :-** આજે પરમાત્માના દીક્ષા મહોત્સવની ઊજવણી હતી, દીક્ષા - મહોત્સવ સ્ટેશન પર નૂતન શ્રી નમિજિન પ્રાસાદના ઉદ્યાનમાં ઉજવવાનો હતો. સવારે સંપ્રતિ સભા મંડપમાંથી પ્રભુનો શાનદાર વરઘોડો શરૂ થયો. પ્રભુને દિવ્ય શણગાર કરી હાથી પર લેવામાં આવ્યા હતા. આજનો વરઘોડો અભૂત પૂર્વ હતો.

સુરતનું સુપ્રસિદ્ધ રઝાક બૈન્ડ, સવારની ટ્રેનમાં આવવાની ધારણા હતી,



પરંતુ કંઈક મોડું પડતાં વરઘોડો સાડાનવ વાગે સ્ટેશનના રસ્તે વળ્યો.

વરસીદનના વરઘોડાની કાવ્યમય આછી ઝલક !
ઢમ ઢમ વાગે છે ઢોલક નગારાં,
શરણાઈના સૂર રે...
સંયમ લેતા શાંતિ જિનેશ્વર,
રેલાયા આનંદ પૂર રે...

વરઘોડો સ્ટેશન પર પહોંચ્યો. શ્રી નમિજિન પ્રાસાદનો વિશાળ મંડપ સ્ત્રી-પુરુષોથી અને સાધુ - સાધ્વીઓથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. આસોપાલવના વૃક્ષ નીચે પરમાત્મા શ્રી શાંતિનાથના ભવ્ય બિંબને પધરાવવામાં આવ્યું. મંત્રોચ્ચાર પૂર્વક વિધિ-વિધાનો શરૂ થયાં.

બરાબર વિજય-મુહૂર્ત આવ્યાની ઝાલર રણઝણતાં પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીએ દેવાધિદેવના મસ્તક-કેશનો પંચમુષ્ઠી લોચ કર્યો. આ દૃશ્ય અનુપમ હતું. આ પ્રસંગે પ્રભાવક પ્રવચનકાર પૂ. પં. પ્ર. શ્રી ભાનુવિજયજી ગણિવરે ખડાં થઈને પ્રેરક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે 'જુઓ આ આપણા દેવાધિદેવ ત્રૈલોક્યનાથ પરમાત્માના દીક્ષા કલ્યાણકની આજે ઊજવણી થઈ છે. આ ઊજવણીમાં આપણને એક ભવ્ય ત્યાગના ઝળહળતાં દર્શન થાય છે. શાંતિનાથ ભગવાન એટલે એક ભવમાં બે પદવી પ્રાપ્ત કરનારા'

'ચક્રવર્તીની સમૃદ્ધિ કેવી હોય...! મનુષ્યલોકમાં સહુથી સમૃદ્ધ અને સાંસારિક દૃષ્ટિએ સહુથી સુખી ચક્રવર્તી હોય. ૬-૬ ખંડના વિરાટ સામ્રાજ્યના સ્વામી, એકલાખ ને બાણું હજાર સૌભાગ્યવંતી અને સૌન્દર્યવંતી સ્ત્રીઓના નાથ હોવા છતાં એ પરમાત્માએ એક પલ-માત્રમાં આવી વિશાલ સાહ્યબીનો ત્યાગ કરી દીધો.'

દેવાધિદેવે સંસાર ત્યાગ કરતી વખતે એ વિચાર ન કર્યો કે હું જો આમ એકાએક પ્રવજ્યાના પંથે પ્રયાણ કરીશ તો મારી પાછળ આ વિરાટ સામ્રાજ્યની રક્ષા કોણ કરશે..! અંતઃપુર અને હજારોના પરિવારની સાર-સંભાળ કોણ લેશે ?

ત્યાગના રાહે જવા માટે પગ માંડનારને આવાં વિચાર આવી શકતા નથી. આ વિચાર ટૂંકી દૃષ્ટિવાળાના છે, નહિ કે દીર્ઘ દૃષ્ટિવાળા ધર્મવીરના. આવો પ્રસંગ જોઈને આપણે વિચાર કરવાનો છે. ' જે પરમાત્માએ અનુપમ સુખ-સાહ્યબીને તૃણની જેમ તરછોડી દીધી તો તેમની અપેક્ષાએ આપણી પાસે શું ? છતાં જો પુરુષાર્થને પ્રધાન બનાવીને આવી તુચ્છ સંપત્તિને છંડીએ તોય આજના આત્માઓનું

કલ્યાણ થઈ શકે છે.'

પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રીના પ્રવચન પછી પ્રાતઃકાલના કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ. વરઘોડો પુનઃ શહેરમાં આવ્યો. મિષ્ટાન્નના ભોજને સહુને તૃપ્ત બનાવી દીધા અને બપોરના જ્યાં પૂજા પૂર્ણ થઈ ત્યાં જ સુરતનું સુપ્રસિદ્ધ રઝાક બેન્ડ આવી પહોંચ્યું.

૪૦ માણસોના સ્ટાફ સાથે આવેલા આ બેન્ડે પિંડવાડાને ગજવવાની શરૂઆત કરી. રાત્રિનો પ્રારંભ થતાં, પ્રેમપુરીના મુખ્ય દ્વારે રઝાક બેન્ડે પોતાનો સરંજામ ગોઠવવા માંડ્યો અને નવ વાગતાં ગદ્ય-પદ્ય મિશ્રિત કાર્યક્રમ શરૂ કર્યો. એક પછી એક તર્જો વગાડવા માંડી.

પોતાનું સ્પેશયલ માઈક, ઉપરાંત એક સાથે ૪૦ વાંજિત્રોના સૂરો કાઢતું ભવ્ય વાજિંત્ર ! એક સરખો સુંદર ગણવેશ. ઢબસર અને બુલંદનાદે વાજિંત્રોનું મધુર સંગીત. વચ્ચે વચ્ચે ગદ્ય પંક્તિઓ વગેરે વિવિધ આકર્ષણોથી ભારે જમાવટ કરી. સેંકડો લોકો ટોળે વળી ગયા. સાડા બાર વાગે કાર્યક્રમ સમાપ્ત થયો.

**વૈશાખ સુદ દ્વિતીય ત્રીજ :-** આજનો દિવસ એટલે અંજનશલાકાનો દિવસ ! ,જે અંજન શલાકા માટે આગળ-પાછળ આટલું વિશાળ આયોજન ઘડાયું હતું. પ્રભાતનો સુરમ્ય સમય વિદાય લેતાં પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવરશ્રીનું તત્ત્વપૂર્ણ પ્રવચન થયું. અંતે મદ્રાસના સુપ્રસિદ્ધ ચિંતક શ્રીયુત રિષભદાસજી જૈન અને તત્ત્વવેત્તા શ્રીયુત સુરજચંદજી ડાંગીએ લાક્ષણિક શૈલીમાં વક્તવ્ય કર્યું.

અંજનશલાકાના આ પુણ્ય પ્રસંગે ખંભાતના તાઝિમે સરદાર શ્રીયુત રમણલાલ દલસુખભાઈ, રમણલાલ વજેચંદ, છોટાલાલ નાનચંદ આદિ આગેવાનો પિંડવાડા આવી ગયા હતા.

જ્યારે અદ્‌ભુત વરઘોડો નીકળ્યો ત્યારે તો ઉપરથી સૂર્ય તપતો હતો અને નીચેથી ધરતી સળગતી હતી, પરંતુ હજારો માણસોની પદ-યાત્રામાંની ઊડતી ધૂળના ગોટા એટલે ઊંચે પહોંચ્યા કે જાણે સૂર્ય આવરાયો અને તાપ ધીમો થયો...!

સહુથી આગળ ઈન્દ્ર ધ્વજ, ધીર-વીર ગતિએ મહાલતા ગજરાજ, મદમસ્ત સાત અશ્વ, રઝાક બેન્ડ, એકસો ને ઓગણીસ મુનિવરો,હજારો પુરુષો, સોને રસેલો રથ, અણગણ મહિલા-વૃન્દ...! પિંડવાડાની ગલી ગલીમાં આજે માનવ મહેરામણ ઊમટેલો દેખાતો હતો. લગભગ ત્રણ કલાક ફરીને વરઘોડો આત્માનંદ ચોકમાં ઊતર્યો હતો.

જ્યોતિષદિવાકર આચાર્યદેવેશ શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજે



પ્રદાન કરેલા શુભ મુહૂર્તે રાતના સંઘની જાજમ પર મહત્ત્વની ઉછરામણીઓ બોલાઈ. તેમાં ધ્વજાદંડ અને ધજા લહેરાવવાની ઉછામણી માત્ર પિંડવાડા કે રાજસ્થાનને જ નહીં પણ સારાયે ભારત વર્ષને હેરત પમાડે તેવી બોલાણી એન એ મહાન ઉછામણીનો લ્હાવો લેનાર કોઈ વૃદ્ધ કે આધેડ વયનો પુરુષ નહિ પણ ઊગતી યુવાનીનો એક કોલેજિયન ખાનદાન નવજવાન ખૂબચંદ અચલદાસ હતો. પિંડવાડામાં તેની ઉદારતાના યશસ્વી ગીત ગવાઈ રહ્યાં.

આજે બોલાયેલી મહત્ત્વની ઉછામણીઓના જંગી આંકડાઓ જોતાં આજ પર્યંત ભારતભરમાં થયેલી અનેક અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવોની ઉછામણીઓના આંકડાઓને વટાવી ગયા...! પિંડવાડાએ પોતાનુ નામ પરાકાષ્ઠાએ નોંધાવી દીધું હતું.

આજ મધરાતના ; નવ-નિર્મિત જિન-પ્રતિમાઓને અધિવાસના વિધિ કરવાનું મંગળ મુહૂર્ત હોવાથી પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા, પોતાના આચાર્યાદિ પદસ્થોને સાથે લઈને સંધ્યા સમયે અંજનશલાકા વેદીની બાજુના ઉપાશ્રયમાં પધાર્યા અને ત્યાં જ સંથારો કર્યો.

રાત્રિના અગિયાર વાગે બધાએ અધિવાસના વિધિ કરી અને પાછલી રાત્રિના મંગલમુહૂર્તે જ્યારે આકાશને આંગણે શુભઘડી-નક્ષત્ર-પલનો સંયોગ સધાયો હતો ત્યારના શાંત-મધુર વાતાવરણમાં બન્ને પૂજ્યપાદ આચાર્યદેવોએ નૂતન પ્રતિમાઓને મુદ્રા સાથે અંજનવિધિ કરી.

**વૈશાખ સુદ ૪ :-** આજે રેલવે સ્ટેશન પર બંધાયેલ શ્રી નમિનાથ જિન-પ્રાસાદમાં પ્રતિષ્ઠા થવાની હતી. આ ભવ્ય જિનાલયનું નિર્માણ કરીને મહાન સુકૃતના ઉપાર્જક હતા શ્રી રતનચંદજી હીરાચંદજી અને શ્રી ખૂબચંદજી અચલદાસજી

વહેલી પ્રભાતે શ્રી કુમારપાલ ઉદ્યાનમાં સમવસરણ પર શ્રી શાંતિનાથ ભગવાનને પધરાવવામાં આવ્યા હતા. ત્યાં કેવળજ્ઞાન કલ્યાણકની ઉજવણી કરીને નિર્વાણ કલ્યાણક નિમિત્તે પરમાત્માને ૧૦૮ અભિષેક કરવામાં આવ્યા હતા. અંતે પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ તથા પ્રભાવક પ્રવચનકાર પંન્યાસ પ્રવરશ્રીએ અંજનશલાકાનું મહત્ત્વ સમજાવતું સુંદર વ્યાખ્યાન આપ્યું.

સ્ટેશન પર જવા માટે ભવ્ય વરઘોડો નીકળ્યો. શ્રી રતનચંદજી અને ખૂબચંદજી હાથીના હોદ્દે ભગવાનને લઈને બેઠા. રઝાક બેન્ડની રમઝટ સાથે વરઘોડો

સ્ટેશને પહોંચ્યો. નૂતન જિનાલયના કંપાઉન્ડમાં ભવ્ય-સુશોભિત મંડપ બાંધ્યો હતો. સ્થળે-સ્થળે અરિહંતદેવના પ્રભાવને વર્ણવતાં બોર્ડો દષ્ટિગોચર થતાં હતાં.

પ્રવેશ દ્વારેથી અંદર જતાં જ ડાબી બાજુ બે સુંદર ચલચિત્ર રચનાઓ સહુને આકર્ષણ જગાવતી હતી. જિનાલયના ઘુમ્મટમાં આબુની કોતરણી જાણે સંવેદન પ્રગટ કરતી હતી અને ભગવાન શ્રી નમિનાથની પ્રતિમા પણ જાણે આબુની પ્રાચીન મૂર્તિ ! ભવ્ય ને સર્વાંગ સુંદર !

પ્રતિષ્ઠાનું મંગલ મુહૂર્ત નજદિક આવતાં બરાબર શુભ લગ્ન વેળાએ પ્રભુને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. પૂજ્યપાદ ગચ્છાધિપતિ ગુરુદેવે પ્રતિમા પર વાસનિક્ષેપ કર્યો તે સાથે જ પ્રતિમાની દીપ્તિ ઓર ઝળકી ઊઠી. શ્રી રતનચંદજી અને ખૂબચંદજીના મુખ પર આજે અવર્ણનીય આનંદ ઉભરાતો હતો. સાધેલા મહાન સુકૃતથી તેમનો આત્મા પુણ્ય-ભરપૂર બન્યો હતો.

પ્રતિષ્ઠા થતાં જ શ્રી ગજાનનભાઈએ એક ગીત લલકાર્યું...'નમો નમિ જિનેશ્વર રાય રે... આજ પાવન પ્રતિષ્ઠા થાય રે, હર્ષ હૈયે ઘણેરો ઉભરાય રે, ધન્ય, ધન્ય, જીવન અમ થાય રે, પ્રેમસૂરીશ્વરજી ગુરુવર નિશ્રામાં પાવન પ્રતિષ્ઠા ઉજવાઈ રહી. સો સો મુનિવર સાથે પધાર્યા, મંગલ શરણાઈ બાજી રહી.

બે હજાર સોળમું વર્ષ રે,
વૈશાખ સુદ ચોથ દિન હર્ષ રે...નમો...."

**વૈશાખ સુદ ૫ :-** આવતી કાલે પિંડવાડામાં વીરવિક્રમ મહાપ્રાસાદની બાવન દેરીઓમાં અને મૂળનાયક શ્રી મહાવીર પરમાત્મા, શ્રી ગોડીપાર્શ્વનાથ ભગવાન આદિ પ્રતિમાઓની પ્રતિષ્ઠા થવાની છે. તેથી ચોતરફથી હજારોની માનવમેદની પિંડવાડા નગર આવી રહી છે.

મુંબઈ-અમદાવાદ-દિલ્હીથી ભરાઈને આવતી રેલવેગાડીઓ પિંડવાડા સ્ટેશને ભાર-વિહીન બનીને આગળ દોડી જાય છે. બસોમાં જગ્યા મળતી નથી. કારોની તો જાણે કતાર લાગી છે. વાહનોની કોઈ સીમા નથી. વર્તમાન ઈતિહાસમાં આવી પ્રતિષ્ઠા રાજસ્થાનના આંગણે થયેલી ક્યાંય સાંભળી ન હતી. તેથી દર્શકોનો ધસારો કોઈ અકલ્પનીય બન્યો હતો. પરન્તુ સ્વયંસેવકો સેવામાં હાજર હતા.

પ્રાતઃકાલે સ્ટેશન પરના જિનાલયની દ્વારોદ્ઘાટન-વિધિ થઈ.

બપોરના નિર્વાણ-કલ્યાણનો શાનદાર વરઘોડો નીકળ્યો.

**વૈશાખ સુદ ૬ :-** આજે સવારથી આત્માનંદ ચોક સ્ત્રી-પુરુષોથી હકડે-ઠઠ ભરાઈ



ગયો હતો. બાવન જિનાલયમાં પ્રતિષ્ઠાનો પાવન પ્રસંગ હોવાથી તેને નિહાળવા માટે અણગણ મેદની જામી ગઈ હતી. બીજી બાજુ ક્રિયાકારકો પણ સવારથી પ્રતિષ્ઠાની પૂર્વ વિધિમાં એકતાન બન્યા હતા.

બરાબર દશ વાગતાં પૂજ્યપાદ આચાર્યદેવશ્રી સો મુનિવરો સાથે જિનાલયમાં પધાર્યા. લોકો દેરાસરની આસપાસના ઊંચા મકાનોની અગાસીઓમાં, અટ્ટાલિકાઓમાં ભરાઈ ગયા હતા અને પ્રતિષ્ઠાની તે ઉજ્જ્વલ પલને ઝંખી રહ્યા હતા.

આજે તે જ ભાવિકોને બબ્બે જણ સાથે જિનાલયમાં પ્રવેશ અપાતો હતો, જેમણે પ્રભુને ગાદીનશીન ધ્વજા-દંડ ચડાવવા આદિની ઉછામણી બોલી હોય, આમ છતાં મંદિરમાં ભારે ભીડ જામી હતી. ચારે તરફથી 'ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રિયન્તાં પ્રિયન્તાં' ના ધ્વનિઓ ગાજી રહ્યા હતા.

પૂજ્યપાદ આચાર્યભગવંતે ચારે કોર પ્રત્યેક દેરી પર પ્રભુજીને ગાદીનશીન કરવા માટે પોતાના સાધુઓને ગોઠવી દીધા હતા. ધજા દંડ માટે પણ ઉછામણી બોલનારા ભાગ્યવાનો શિખર પર બાંધેલા માંચડા પર ચઢી ગયા હતા.

અને ત્યાં તો ૧૦ અને ઉપર ૪૫ મિનીટનો સમય થયો તે સાથે જ મૂળ ગભારામાંથી થાળી ધણધણી ઉઠી. નવકાર મહામંત્રના જાપ પૂર્વક મૂળનાયક શ્રી મહાવીર સ્વામી આદિ પ્રતિમાઓને ગાદીનશીન કરવામાં આવ્યાં. અવકાશના ગુંજબમાં ધ્વજાઓ લહેરાઈ ઊઠી-ઘંટડીઓ રણકી ઊઠી. આત્માનંદ ચોકમાં રઝાક બેન્ડ અને અન્ય બેન્ડોએ સલામી આપતાં સંગીત છેડી મૂક્યાં.

અને આ રીતે એક મંગલમય મહાપ્રતિષ્ઠા મહોત્સવ નિર્વિઘ્ને સુંદર રીતે ઉજવાયો.

બપોરના બાર વાગે શ્રી સમરથમલજી રાયચંદજીના ગૃહ મંદિરમાં પ્રભુજીને પધરાવવાના હોવાથી ઉપાશ્રેયથી ભવ્ય વરઘોડો નીકળ્યો અને ગૃહ-મંદિરમાં પૂજ્યપાદશ્રીના વરદ-હસ્તે સુવર્ણ રસિત શ્રી ચંદ્રપ્રભ સ્વામીના તોરણ સહિત ભવ્ય બિંબને સ્થાપન કરવામાં આવ્યાં હતાં.

આજની નવકારશી-ઝાંપો ચુંદડી (જૈન-જેનેતર જમણ) શા.લાલચંદજી છગનલાલજી તરફથી થઈ. ભરત વાટિકામાં થયેલી આ નવકારશીમાં લગભગ ૩૦ હજારથી પણ વધુ માણસો જમ્યા હતા !

આ રીતે પિંડવાડાનો આ અંજન-શલાકા-પ્રતિષ્ઠા મહા-મહોત્સવ રાજસ્થાન જ નહિ, સમગ્ર ભારતમાં એક ઈતિહાસ સમો બની ગયો. આવું વિરાટ આયોજન

પણ ગચ્છાધિપતિ ગુરુદેવના અખંડ સંયમના પ્રભાવે અદ્ભુત રીતે સફલ બની ગયું.

**વૈશાખ સુદ ૭ :-** આજે શ્રી વીર વિક્રમપ્રાસાદ અને ગોડીપાર્શ્વનાથ જિન-મંદિરના દ્વાર-ઉદ્ઘાટનનો કાર્યક્રમ હતો. વહેલી સવારથી જ સેંકડો ભાગ્યવાનો દેવાધિદેવનાં દર્શન માટે દોડી આવ્યા હતા. બેન્ડના ગંભીર નિર્ઘોષ ગૂંજી ઊઠ્યા અને તે સાથે જ જિનાલયનાં દ્વાર ખૂલી ગયાં.

આજે રાતના અભિનંદન-પત્રનો ભવ્ય મેળાવડો યોજાયો હતો. પ્રમુખપદે શ્રીયુત રમણલાલ દલસુખભાઈ શ્રોફને સ્થાપિત કર્યા હતા. અનુમોદનીય ભાષણો પછી આ મહા-મહોત્સવમાં જે જે ભાઈઓએ નિસ્વાર્થ સેવા કરી હતી તેમને રેશમી કાપડ પર મુદ્રિત અભિનંદન-પત્ર અપાયું હતું.

**વૈશાખ સુદ ૮ :-** પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી પાસે આજે અનેક સંઘના આગેવાનો ચાતુર્માસની ભાવભરી પ્રાર્થના કરી રહ્યા હતા. શિવગંજનો સંઘ ગચ્છાધિપતિના ચાતુર્માસની વિનવણી કરી રહ્યો હતો. ત્યારે પિંડવાડા સંઘના આગેવાનો પણ ગચ્છાધિપતિને ચાતુર્માસ માટે વિનવી રહ્યા હતા.

અંતે પિંડવાડાને અનુપમ લાભ મળી ગયો છે તેથી હવે શિવગંજને લાભ મળવા દો, એમ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવનો વિચાર કરીને પૂજ્યપાદશ્રીએ પોતાનું ચાતુર્માસ શિવગંજ કરવાની ઈચ્છા વ્યક્ત કરતાં સંઘે જયનાદ ગુંજાવી મૂક્યો. પિંડવાડા સંઘને કોઈ પદસ્થ મુનિવરને ચાતુર્માસ રાખવા માટે જણાવ્યું. અન્ય સંઘના આગેવાનોને પણ સંતુષ્ટ કરીને વિદાય કર્યા.

**વૈશાખ સુદ ૧૨ :-** આજે પીંપળગામ (મહારાષ્ટ્રના વતની નવયુવાન શ્રી શનાલાલની દીક્ષાનો ભવ્ય વરઘોડો નીકળ્યો. વરઘોડો ધર્મશાલાની મધ્યમાં ઊતર્યો. વિશાલ માનવ-મેદની વચ્ચે પૂજ્યપાદશ્રીએ દીક્ષાની મંગલમય ક્રિયાનો શુભારંભ કર્યો. રજોહરણ-ધર્મધ્વજ અપાતાં તેઓ હર્ષથી નાચી ઊઠ્યા હતા.

નામકરણ વિધિ થતાં શનાલાલભાઈનું નામ મુનિ શ્રી જયસોમ વિજયજી રાખવામાં આવ્યું અને તેમને પૂ. મુનિરાજ શ્રી જયઘોષ વિજયજી મ.ના શિષ્ય બનાવવામાં આવ્યા. આ નૂતન મુનિવર દીક્ષા દિવસથી જ પૂજ્યપાદ ગચ્છાધિપતિ ગુરુદેવની સેવામાં લાગી ગયા હતા અને આઠ વર્ષ સુધી તેઓએ પૂજ્યપાદશ્રીની જે અદ્ભુત સેવા કરી છે, તે ખરેખર અનુમોદનીય છે.

વૈશાખ વદ ૧ના પૂજ્યશ્રીએ ઘાણેરાવ તરફ વિહાર કર્યો.

ધ





**પં. ભવ્યદર્શન વિજયગણી તરફથી,** શિવસુખના ઉપાય સ્વરૂપ, દેવેન્દ્ર-નરેન્દ્રવંદ્ય સંયમને વરેલાં, જ્ઞાન-દર્શન ચારિત્રના ઉદ્યાનમાં મ્હાલતાં સા.શ્રી......... યોગ્ય, સાદર અનુવંદના.

હવે ઉંમરની સાથે દીક્ષાપર્યાય પણ વધતો જાય છે. જેમ - જેમ ઉંમર - પર્યાય વધે, જેમ - જેમ જ્ઞાન વધે, અનુભવ વધે; તેમ - તેમ આપણને પોતાને જ અમુક ખ્યાલ તો આવી જ જવો જોઈએ. નાની - નાની બાબતોમાં ટોકવા પડે કે કહેવું પડે તે યોગ્ય નથી. એક તમારા પ્રત્યેની હિતની લાગણી હૈયામાં બેઠી છે, માટે આ લખવા પ્રેરાયો છું.

ગુરુ મ. નો નિર્વ્યાજ, અનહદ પ્રેમ તમને મળે છે. તેઓ અત્યંત લાગણી શીલ સ્વભાવનાં છે. તમને ફૂલની જેમ રાખે છે - સાચવે છે.તેઓ તમને કંઈ કહેતા નથી, બંધુ ચલાવી લે છે, તે તેમનો ગળી ખાવાનો-દાક્ષિણ્યતા ગુણનો મતલબ એ નથી કે - તમારી બધી પ્રવૃત્તી તેમને ઈષ્ટ જ હોય કે શાસ્ત્રમાન્ય જ હોય. તમારું અકલ્યાણ ન થાય, અહિત ન થાય...... એ જોવાની જવાબદારી તેમની છે.એટલે તમારે જ કહેવું જોઈએ કે, ગુરુ મ.! મારી ભૂલ થાય, અયોગ્ય વર્તન જણાય તો મને કહેજો, શિક્ષા કરજો. માત્ર મારા શરીરની જ નહીં, આત્માની પણ કાળજી ખાસ રાખજો, શરીરને પડેલો ખાડો મલમપટ્ટીથી રુઝાશે, આત્માને પડેલો ખાડો (લાગેલા દોષો) કંઈ કેટલાય ભવે પણ ન રુઝાય. સાચવેલું શરીર કે એને ગમે તેટલું પંપોળો તોય છેવટે રાખમાં પરિણામનારું છે. જ્યારે સાચવેલો આત્મા સદ્ગતિ માટે અને મુક્તિ માટે થાય છે! માટે જ તો શાસ્ત્રમાં કથન મળે છે. अप्पा खलु सययं रक्खिअव्वो । જગતમાં રક્ષણ કરવા લાયક હોય, સાચવવા લાયક હોય, સંભાળવા લાયક હોય, કાળજી લેવા લાયક હોય, જતન કરવા લાયક હોય તો માત્ર આત્મા જ છે ! આત્માને સાચવ્યું તેણે સઘળું જ સાચવવું ગણાય, આત્માને ન સાચવ્યો તેણે બધું જ ગુમાવ્યું છે - એમ ચોક્કસ કહેવાશે.

વડીલ કે ગુરુવર્ગ ઉપર હૃદયમાં પૂર્ણ બહુમાન, સદ્ભાવ હોવો એ જરૂરી અને અતિ આવશ્યક છે. અલબત્ત, જેવો હૈયામાં બહુમાનનો ભાવ છે તેવું જ બાહ્ય આચરણ પણ એટલું જ જરૂરી છે. એમાં જેટલા અંશે ખામી હશે તેટલા દોષનો નાશ અને ગુણોનો આવિર્ભાવ નહિ થઈ શકે. વિનય - વિવેક પાયાના

ગુણો છે. જ્યાં વિનય વિવેકનો અભાવ ; ત્યાં વાસ્તવિક ધર્મ જ નથી એમ કહી શકાય.

કોની સાથે કેમ રહેવું, શું અને કેટલું બોલવું, કેમ વર્તવું, ક્યા શબ્દોમાં વાત કરવી, ક્યારે કરવી, ક્યારે મૌન રહેવું, કેટલું હસવું, કોનો ઉત્તર આપવો, ન આપવો ? જરૂર પૂરતી વ્યક્તિને જ માત્ર સંભળાય એટલો જ ધ્વનિ વાર્તાનો (વાર્તાલાપનો) હોવો જોઈએ... કરાણ આ વ્યવહાર અન્ય વ્યક્તિને ધર્મ - અધર્મ પામવાનું નિમિત્ત બની શકે છે. આપણો એક પણ વ્યવહાર, આપણું કોઈ પણ વર્તન, આપણી વાણી એવી તો ન જ હોવી જોઈએ કે એ બીજા માટે અધર્મનું નિમિત્ત બને ! ધર્મ પમાડવાની શક્તિ કદાચ ઓછી હોય તે ચલાવી લેવાય, પણ અધર્મ પમાડનારી વાતને ન જ ચલાવી લેવાય. એ માટે આપણે જ ખોજ કરવાની છે, આપણી જાતને તપાસવાની છે અને આત્માનુશાસન કરવાનું છે.

આશ્રિતની દુર્ગતિની ન થાય તેની જવાબદારી આશ્રય આપનારની હોય છે. જો માત્ર શિષ્યને પંપાળ્યા જ કરે, અવસરે સારણાદિ ન કરે, યોગ્ય હિતશિક્ષા વગેરે ન આપે તો એ ગુરુ કલ્યાણકારક નથી; એમ ગચ્છાચારપયન્નામાં 'जीहाए वि लिहंतो न भद्दओ जत्थ सारणा नत्थि।' આ શબ્દોમાં જણાવ્યું છે. (જેમ બાળક કરતાં માતાની જવાબદારી વધારે છે.) ગુરુના ખોળામાં માત્ર માથું મૂકી દેવાથી કામ પતી જતું નથી. સાચા અર્થમાં માથું મૂક્યું ત્યારે ગણાય કે જ્યારે પોતાની ઈચ્છાને દેશવટો આપીને માત્ર ગુરુ આજ્ઞાને જ વફાદાર રહેવાય. ભગવાનના ખોળામાં માથું મૂકનારો (યાવત્ માત્ર કપાળે તિલક કરનારો) ભગવાનની આજ્ઞાને પરાધીન બને છે, તેમ ગુરુના ખોળામાં માથું મૂકનારો (સમગ્ર જીવનને ગુરુ ચરણે ધરનારો, જાતને ભૂલી જનારો) ગુરુ આજ્ઞાને પ્રાણની જેમ માને. હા, માત્ર ગુરુની આજ્ઞા જ નહીં, ગુરુની ઈચ્છા પણ આપણા માટે આજ્ઞા કરતાં અધિક છે. તેઓની ઈચ્છા કે આજ્ઞા સમયે આપણી અનુકૂળતા - પ્રતિકૂળતાનો વિચાર હરગીજ ન આવવો જોઈએ.

ગુરુભક્તિ અંગે જણાવવાનું કે -ગુરુ એ સંસાર ના ઊંડા કૂવામાંથી આપણો ઉદ્ધાર કરનાર છે, પાપમાંથી બચાવનાર છે. દુનિયામાં જે ઉપકાર માતા - પિતાનો છે, તેનાથી અદકેરો ઉપકાર, અનંત ઉપકાર, સંસારના અગાધ સાગરથી આપણો ઉદ્ધાર કરનાર, સંસારના ભયંકર કીચડમાંથી આપણને ઉગારનાર, બહાર કાઢનાર,



ગુરુભગવંતનો છે. માટે જ લોકોત્તર કોટિનો એ ગુરુતત્ત્વનો મહિમા ગાતાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ જણાવે છે કે,'સમકિતદાયક ગુરુતણો, પચ્ચુવયાર ન થાય, ભવ કોડાકોડે કરી કરતાં સર્વ ઉપાય' આવા ગુરુ ભગવંતની ભક્તિ આપણે લેવાની નથી. આપણા ચામડાં તૂટી જાય, હાડકાં ખોખરાં થઈ જાય.... ત્યાં સુધી આપણે કરવાની છે. આપણું એક પણ નાનું મોટું કાર્ય ક્યારેય ગુરુને કે વડીલને ન ભળાવાય. આપણા ઉપયોગની ચીજ ગુરુ.મ. પાસે કે વડીલ પાસે ન ઉપડાવાય. એમાં ગુરુની આશાતના છે.

ગુરુને બહુમાનથી જ બોલાવાય'તમે' વગેરે સંબોધન ગુરુ મ. માટે તદ્દન અયોગ્ય છે. મારવાડમાં આજે પણ નાના માણસ સાથેય કેવા બહુમાનથી 'આપ' વગેરે શબ્દોથી સંબોધિત કરીને વાત કરાય છે. આપણી ભાષા, આપણું વર્તન જેમ આપણા માટે હિતકારક હોવું જોઈએ, હાનિકારક ન હોવું જોઈએ... તેમ જોનાર - સાંભળનારને અધર્મનું નિમિત્ત બને તેવું પણ ન હોવું જોઈએ. અલબત્ત, જોનાર - સાંભળનારને પણ 'ગુરુ - શિષ્યનો લોકોત્તર વિનય - વિવેક કેવો ગજબનો છે!' એવો ભાવ તેના હૈયામાં ઊછળે એવું હોવું જોઈએ 'આપણું જીવન જ (મુનિજીવન) જગત માટે મૂળ ઉપદેશ છે.' અર્થાત્ તમે કોઈ જ ઉપદેશ ન આપો, કાંઈપણ ન બોલો પણ જૈનશાસનની મર્યાદા - પ્રણાલિકા પ્રમાણે મુનિજીવન જીવો તોય ઘણા આત્માઓ ધર્મ પામી જાય; એમાં શંકાને સ્થાન નથી.

આપણે અવગુણથી ભરેલા છીએ, દોષોથી ઘેરાયેલા છીએ અને હાસ્યાદિ નોકષાયોની નાગચૂડમાં ફસાયેલા છીએ...... એમ માનીને હતાશ થવાની, હારી જવાની, નાસિપાસ થવાની, ભાંગી પડવાની, કે પુરુષાર્થહીન બનવાની અથવા બીજા કોઈ નકારાત્મક(નેગેટીવ્હ) વિચાર કરવાની જરૂર નથી. પુરુષાર્થપ્રધાન જીવન જીવવાથી, થોડી અપ્રમત્તતા - સાવધાની રાખવાથી, જ્ઞાનોપયોગવાળું જીવન બનાવવાથી, શાસ્ત્રાજ્ઞાને, અને ઊંચા - ચઢતા અલંબનોને સતત આંખ સામે રાખવાથી ગમે તેવા દોષોને - અવગુણોને - ખામીઓને - કુટેવોને અનાદિના કુસંસ્કારોને ચોક્કસ નેસ્તા નાબૂદ કરી શકાય છે. સામે સુસંસ્કારોનું આધાન (આરોપણ) જરૂર કરી શકાય છે. વાત માત્ર એટલી જ છે કે, એ તરફ આપણું લક્ષ્ય જોઈએ, દોષોની - દુર્ગુણોની - ખામીઓની - કુટેવોની - કુસંસ્કારોની અનાદિની અવળી ચાલની ભયાનકતા સતત મગજમાં ગુંજવી જોઈએ, આત્માને

ખૂંચવી જોઈએ, એનાથી આત્માને થતું ભંયકર નુકશાન હમેંશા નજર સમક્ષ રહેવું જોઈએ.

અભ્યાસ પાડવાથી બધાજ કાર્યો સુગમ - સુકર બની જાય છે. એટલે શુભ - પ્રશસ્ત - સારો અભ્યાસ પાડવાની જરૂર છે. એ માટે કાયમ, ડગલે ને પગલે આત્મ નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. કોઈ આપણને ટોકે, કોઈ આપણને રોકે, કોઈ આપણને સૂચન કરે તેનાં કરતાં આપણે જ આપણી ભૂલો શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ.

કોઈ આપણી ભૂલ કાઢે, ટોકે તો ક્યારેક વ્યક્તિ ઉપર દ્વેષ કે અભાવ થવાની સંભાવના પણ રહેશે. કોઈએ મારા જીવનમાં દખલગીરી ન કરવી. તમે તમારું સંભાળો, મને બધી જ ખબર પડે છે, મારે જેમ કરવું હોય તેમ કરીશ...... વગેરે જવાબ આપવાનું મન થશે.(અલબત્ત સામી વ્યક્તિ લાગણીથી જ કહેતી હોય છે. એમાં એમનો કોઈ સ્વાર્થ નથી હોતો.) જાતે ભૂલ શોધશું તો કોઈના ઉપર દ્વેષ આદિ તો નહીં જ થાય. અલબત્ત માત્ર આપણી ભૂલો સુધારવાનું જ કાર્ય થશે. આપણે જ આપણી ભૂલ શોધશું તો દોષથી - અવગુણોથી ભરેલા આપણા આત્મ પર્યાય ઉપર દ્વેષ જાગશે. તેનું સુંદર પરિણામ એ આવશે કે, આપણો આત્મા, આત્મદોષોના ત્યાગ માટે પ્રયત્નશીલ બનશે. છેવટે આત્મામાં રહેલા દોષો જવાથી ગુણો પ્રગટ થશે.

(આ લખાય છે ત્યારે જ એક મહાત્મા આવ્યા. વંદન કરીને કહે 'કયાં પુણ્યશાળી ઉપર આપના હસ્તાક્ષરની કૃપા ઢળી રહી છે.' આના ઉપરથી તમે કેવા પુણ્યશાળી છો ; તે સમજી શકો છો. ખરું ને ?)

બજારમાંથી કે ખેતરમાંથી આવેલા ઘઉંમાં કાંકરા હોય છે. એ કાંકરા કાઢવાના રહી ગયા હોય તો ખાતી વખતે કેવા હાલ થાય ? બસ, એ જ રીતે આત્મગુણની સાધના કરવા નીકળેલા આપણા જીવનમાં વચ્ચે દોષો આવી જાય તો કેવી દશા થાય ? એ વિચારવા જેવું છે. જેમ ત્યાં ખાવાની મજા મારી જાય છે, તેમ અહીં ગુણોની, સાધનાની, આરાધનાની, મજા ઊડી જાય છે. વિક્ષેપ ઊભો થાય છે. માટે એ દોષો આપણેને ક્યાંથી પજવી ન જાય, ડહોળાણ ઊભું કરી ન જાય, ઊંચે ચઢેલા આત્માને અધઃપતનની ઊંડી ખાઈમાં પટકી ન દે તેનો ઉપયોગ હમેંશ રાખવાનો છે.

જે ધ્યેયથી, જે આશયથી - ભાવનાથી, ઉત્તમ અભિલાષાથી સંસારનો



પરિત્યાગ કરી મહાભિનિષ્ક્રમણ કર્યું છે તે ઉદાત્ત ધ્યેય, ભાવના, આશય કે અભિલાષા ફળીભૂત થાય, સફળ બને, એ માર્ગે પ્રગતિ થાય એવો પ્રચંડ પુરુષાર્થ અને પરમાત્માને હૈયાના અતલ ઊંડાણથી પ્રાર્થના કરવાની છે. હૈયાના હેતથી તિર્યંચને કે માનવને વશ કરી શકાતા હોય તો આપણી ભાવનાને કેમ સાકાર ન કરી શકાય ? હૈયાની સાચી ભાવના, શુભ-ભાવના હોય તો અવશ્ય ફળ મળે છે.

અમદાવાદથી સિદ્ધગિરિ કયા ઉદ્દેશથી આવ્યાં છો ? મહાપાપીને પાવન બનાવનાર, દોષોથી ભરેલાને નિર્દોષ બનાવનાર, કલંકીને પણ નિષ્કલંકી બનાવનાર, અશુદ્ધને શુદ્ધ બનાવનાર, અશુભને શુભમાં પરિવર્તિત કરનાર, અનંતાનંત આત્માઓને તારનાર-ઉગારનાર શાશ્વત ગિરિરાજ-તીર્થરાજની છત્રછાયા મહાભાગ્યયોગે મળી છે. સેંકડો-હજારો-લાખો ભવોનાં કર્મોનો ક્ષય-નાશ કરી આપનાર આ ગિરિરાજના શુભ-પવિત્ર-નિર્મળ પરમાણુની અસર આપણા આત્માને પણ એવી જ થવી જોઈએ. જગતનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય ધરાવનાર આ ગિરિરાજ મારો ઉદ્ધાર કેમ ન કરે ? ભલભલાના માનસિક, આત્મિક પરિવર્તન કરાવવાની તાકાત આ ગરવા મહાતીર્થમાં છે !

અનંત ભૂતકાળનો વિચાર કરીએ, સાથે શાસ્ત્રવચનોને આંખ સામે લાવીએ તો ચોક્કસ એમ લાગે કે,આપણને અદ્ભુત સામગ્રી મળી છે. આપણા પુણ્યોદયની પરિપૂર્ણતા; નીરોગી શરીર, દીર્ઘ આયુષ્યથી લઈને વીતરાગ પરમાત્માનું એકાંતે કલ્યાણ કરનારું તારકશાસન, શાસન - શાસ્ત્રજ્ઞાનને ગળે ઉતારનારા પૂ. ગુરુભગવંતો, અહિતના માર્ગે જતાં આપણને રોકનાર કલ્યાણમિત્રો, આરાધનાની ઉત્તમ સામગ્રી, જીવને અનંત દુઃખમાંથી હંમેશ માટે છોડાવનાર રાજમાર્ગ જેવું સુંદર સંયમ... ઈન્દ્રિયો-મનના ઘોડાપૂરને રોકવા માટેનાં સાધનસ્વરૂપ સમ્યગ્જ્ઞાન... આ બધું ઉત્તરોત્તર મળ્યું છે, તેને સફળ બનાવવાનો પુરુષાર્થ કરવાનો છે. એવા અદ્ભુત સૌભાગ્યને પામનારાં બનો, એ જ મંગલકામના.

**- મુનિ ભવ્યદર્શનવિજયગણી,**
**૨૦૬૦, પો.વ.૧, પાલિતાણા**

## ★ અનુમોદનાનો અમૃત થાળ ★★★

**સંકલન**

**મસૂરનગરે શતાબ્દી મહોત્સવ :** સાચાદેવ શ્રીસુમિતનાથપ્રભુથી શોભતા ભવ્ય જિનાલયને ૧૦૦ વર્ષ પૂરાં થતાં હોવાથી શ્રી સંઘની ત્રણ - ત્રણ વર્ષની સતત વિનંતીને માન આપી; મસૂરના સુપુત્ર, દક્ષિણ મહારાષ્ટ્ર દીપક,

સિદ્ધાંતસંરક્ષક, કુંભોજગિરીતીર્થરક્ષક પૂજ્યપાદ આ.ભ.શ્રીમદ્‌વિજયમિત્રા-નંદસૂરીશ્વરજી મહારાજના પટ્ટ પ્રભાવક આગમ - શિલ્પ - વિધિવિધાનવિશારદ , વિશદવ્યાખ્યાનકાર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા નિશ્રાપ્રદાન માટે અમદાવાદથી ૯૦૦ કિ.મી.નો લાંબો વિહાર કરી મસૂર પધાર્યા. તા. ૪-૩-૨૦૧૮ ફા.વ.૩ (સં.૨૦૭૪) ના મંગલ દિવસે ધૂમધામથી નગર પ્રવેશ થયો. તે જ દિવસથી પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ જેવો માહોલ સર્જાયો. ફા.વ.૭ થી શતાબ્દી નિમિત્તે પૂજ્યશ્રીના માર્ગદર્શનથી ૧૦૦ દિવસીય અનુષ્ઠાનનો પણ પ્રારંભ થયો. એક - એકથી ચઢિયાતા અનુષ્ઠાનો થયાં લગભગ ૪૧/૪૨ દિવસ થયા બાદ પ્રત્યેક ઘરે સ્નાત્ર ભણાવાયું.

જોત જોતામાં તો દિવસો આગળ વધવા લાગ્યા. એમાં વળી અંજનશલાકા - પ્રતિષ્ઠાના પડઘમ વાગ્યા. નવા બિંબોનું વિધિવત્ નિર્માણ થયું. વૈ.સુ. ૯ થી વૈ.સુ. ૧૫ નો એ પ્રસંગ ઉજવાયો. વૈ.સુ. ૧૫ તા. ૩૦-૪-૨૦૧૮ શુક્રવારે પ્રતિષ્ઠા સંપન્ન થઈ.

ત્યાં તો શતાબ્દીની શરણાઈઓના સૂર સંભળાવા લાગ્યા. સૌ ભવ્યાત્માઓ શતાબ્દી મહોત્સવનાં કાર્યોમાં જોડાઈ ગયા. પૂ. ગુરુભગવંતના માર્ગદર્શન હેઠળ તમામ આયોજનો ગોઠવાતાં ગયાં. દરેક કાર્યોમાં પૂ. ગુરુભગવંત શાસ્ત્રીય માર્ગદર્શન આપતા રહ્યા. પરિણામે બધા જ કાર્યક્રમો નિર્વિઘ્ને, શાસન પ્રભાવના પૂર્વક થયાં.

સંગીતકાર તરીકે વિનીતભાઈ ગેમાવત તથા ત્રિલોકભાઈ મોદીએ ખૂબ જ રંગ જમાવ્યો. નાના ગામડામાં નાના ખોબા જેવા સંઘમાં ભાવિકોએ ઉદારતા પૂર્વક ધનની વર્ષા કરી, મનસુખભાઈ માલેગામવાળા વગેરે સુવિશુદ્ધ ક્રિયાકારકોએ પવિત્ર ક્રિયાઓ કરી - કરાવી પ્રભાવ પાથર્યો.

૪૦ પેજની પત્રિકા તૈયાર થઈ. ગામોગામ મોકલવામાં આવી આસ - પાસના ગામ - નગરોમાં તો સંઘના ભાગ્યશાળીઓ - ટ્રસ્ટીઓ જાતે જઈને તે - તે સંઘોમાં નિમંત્રણ પાઠવી આવ્યા. પૂના - કોલ્હાપુર - કરાડ વગેરે ગામોમાં પત્રિકા ઉપરાંત ફ્લેક્સ બેનર પણ લગાવવામાં આવ્યાં હતાં. ધાર્યા કરતાં ડબલ ત્રણગણી સંખ્યા મહોત્સવમાં આવી હતી. મસૂરના તમામ ઘરો સગાં - સ્નેહીઓથી છલકાઈ ગયાં હતાં. આટલી જૈનોની સંખ્યા ૮-૮ દિવસ સુધી મસૂરમાં હોય તેવું પ્રથમવાર જ બન્યું છે !

વિશિષ્ટ પૂજા - પૂજનોથી, સાધર્મિકભક્તિ (નવકારશી), પ્રવચનો, સજાવટ,



સાજ - સજ્જા સાથેનો વિશિષ્ટ વરઘોડો (રથયાત્રા), જિનભક્તિથી રસતરબોળ કરતી ભક્તિભાવના, સવારનાં પ્રભાતિયાં, ગામ સાંજી, મહેંદી વિતરણ, સર્વસાધરણની - દેવ દ્રવ્યની - જીવદયાની ઊપજ , સુવિશુદ્ધ વિધિ - વિધાન, વિધિ વિધાનોમાં પૂજ્ય ગુરુદેવની હાજરી - માર્ગદર્શન, જિનભક્તિ સાથે ગુરુભક્તિ, રોજ સ્નાત્ર અને આયંબિલ તપ, પૂ.મુ.શ્રી મુક્તિભૂષણ વિ.મ.ની વર્ધમાન તપની ૮૭ મી ઓળી વગેરેથી જાજરમાન વિશિષ્ટ શાસન પ્રભાવના વિસ્તારનારા મહો - મહોત્સવની ઝાંખી થાય તેવા સમાચાર હવે પછીના અંકોમાં આપવાની ભાવના છે.

મસૂરનો શતાબ્દી મહોત્સવ તો યુગો સુધી યાદ રહેશે. ભૂતકાળમાં ન થયો હોય... નજીકના ભવિષ્યમાં પણ ન થાય તેવો અવિસ્મરણિય - ઐતિહાસીક અને અપૂર્વ શાસન પ્રભાવના વિસ્તારનારો બન્યો છે. મોટા શહેરોમાં ન જોવા મળે તેવો માહોલ અને નજારો અહીં જોવા મળ્યો. ભાવનાના સમુદ્રમાં મોટાં મોજાં ઉછળતાં હોય તેવું વાતાવરણ સર્જાયું છે. ૧૦૮ દિવસની પૂજ્યશ્રીની સ્થિરતા, ધર્મની પાયાની સમજણ આપતાં, શાસ્ત્રપાઠો અને તર્ક સંગત પ્રવચનોએ કાયાપલટ કરી છે. વર્ષો સુધી પાપ કરીને મેળવેલી લક્ષ્મીને પુણ્યલક્ષ્મી બનાવવામાં કોઈએ કસર રાખી નથી. શતાબ્દી મહોત્સવમાં પૂ. સાધ્વીજી ભગવંતોમાં ત્રણ ગ્રુપનું સાંનિધ્ય પ્રાપ્ત થયું હતું, જ્યારે અંજનશલાકા પ્રતિષ્ઠામાં બે ગ્રુપનું સાંનિધ્ય મળ્યું હતું !

**પૂજ્યશ્રી દ્વિ.જે.સુ. તા. ૨૧-૬-૨૦૧૮ ગુરુવારે મસૂર તીર્થથી વિહાર કરશે. લગભગ ૧૫ દિવસમાં પૂના પહોંચશે. ત્યાં કેટલાક સંઘોમાં વિચરી અષાઢ સુ.૯ તા. ૨૧-૭-૨૦૧૮ શનિવારે ટીંબરમાર્કેટ, મનમોહન પાર્શ્વનાથ જૈનસંઘમાં ચાતુર્માસ પ્રવેશ કરશે. પ્રવેશ પર પધારનાર ભાગ્યશાળીઓની રહેવાદિની વ્યવસ્થા શ્રીસંઘે કરેલ છે. ચાતુર્માસમાં પણ તમામ વ્યવસ્થા રહેશે. સૌ ભાવિકોને પધારવા ત્યાંના સંઘ તરફથી નિમંત્રણ છે. શાસનની શોભા પણ વધશે.**

**ચાતુર્માસ સ્થળ : નાજુશ્રી સમાજ ભવન, ટીંબર માર્કેટ, પૂના, ૪૧૧૦૪૧ (M.S.) C/O ૯૪૨૯૦૨૨૦૨૨**

# સંવેગાદિની ટૂંકી વ્યાખ્યા

**संवेगसंज्ञा शिवसंपदिच्छा,**

**निर्वेदनामा तु भवाद्विरागः ।**

**कृतापराधेऽपि शमः शमत्वं,**

**दया तु जीवेषु सदाऽनुकम्पा ।।**

મોક્ષ લક્ષ્મીની ઈચ્છા એ સંવેગ છે. સંસાર પર વૈરાગ્યભાવ તે નિર્વેદ છે. અપરાધી પર પણ પ્રશાંતપણું તે શમ છે અને જીવો પર હંમેશા દયા એ અનુકંપા છે. [આ ચારે( આસ્તિક્ય સાથે પાંચે) લક્ષણ સમ્યગ્દર્શનનાં છે.]